જાપાનથી લઇને બ્રિટન સુધીના દેશોમાં ઇંધણના ભાવમાં 30 ટકાનો ઉછાળો, ભારતમાં બે વર્ષથી ભાવ સ્થિર

પેટ્રોલ અને ડીઝલના વેચાણથી ઓઈલ કંપનીઓને મહિને ₹30,000 કરોડનું નુકસાન

» ઈરાન યુદ્ધથી ઊર્જાના ભાવમાં ઉછાળાથી કંપનીઓને ફટકો

એજન્સી > નવી દિલ્હી

ઈરાન યુદ્ધને કારણે વિશ્વભરમાં ઉર્જાના ભાવમાં ઉછાળો આવ્યો હોવા છતાં ભારતમાં પેટ્રોલ, ડીઝલના ભાવને સ્થિર રાખવાથી સરકાર માલિકીની ઓઈલ માર્કેટિંગ કંપનીઓને દરરોજ આશરે રૂ.700થી 1,000 કરોડ અને દર મહિને આશરે રૂ.30,000 કરોડનું નુકસાન થઈ રહ્યું છે. સરકારનો આ ખુલાસો સૂચવે છે કે આગામી સમયમાં બન્ને ઇંધણના ભાવમાં વધારો આવે તો નવાઇ નહીં.

પશ્ચિમ એશિયામાં સંઘર્ષ ચાલુ થયા પછી જાપાનથી લઇને બ્રિટન સુધીના દેશોએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આશરે 30 ટકા સુધીનો વધારો કર્યો છે, પરંતુ ભારતમાં ઇંધણના ભાવ બે વર્ષથી સ્થિર છે. ઈરાન યુદ્ધથી ભારતની આશરે 40 ટકા ક્રૂડ ઓઈલની આયાત, 90 ટકા રાંધણ ગેસ એલપીજીની આયાત અને 65 ટકા નેચરલ ગેસની આયાત સામે અવરોધ ઊભો થયો છે. પરંતુ સરકારી તેલ કંપનીઓએ છેલ્લા 10 અઠવાડિયામાં કોઈપણ સમયે કોઈ રેશનિંગ કે અછત વિના અવિરત ઇંધણ પુરવઠો જાળવી રાખ્યો છે. પરંતુ આનાથી ત્રણ ઓઈલ માર્કેટિંગ કંપનીઓને દર મહિને રૂ.30,000 કરોડનું નુકસાન થઈ રહ્યું છે. આ કંપનીઓમાં ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન (આઇઓસી), ભારત પેટ્રોલિયમ (બીપીસીએલ) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ (એચપીસીએલ)નો સમાવેશ થાય છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે માર્ચ-એપ્રિલમાં આ કંપનીઓના નુકસાનમાં તીવ્ર વધારો થયો હતો. એપ્રિલ દરમિયાન કંપનીઓને પેટ્રોલના વેચાણમાં લીટર દીઠ રૂ.18 અને ડીઝલના વેચાણમાં લીટર દીઠ રૂ.25નું નુકસાન થયું હોવાનો અંદાજ છે. તેનાથી આ કંપનીઓને દરરોજ સરેરાશ 700થી 1,000 કરોડનું નુકસાન થયું હતું. પશ્ચિમ એશિયાની ગતિવિધિ અંગેની ન્યૂઝ કોન્ફરન્સમાં પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે બે મહિના પહેલા ક્રૂડ ઓઈલના ભાવ બેરલ દીઠ 70 ડોલર હતાં, જે હવે વધી બેરલ દીઠ 120 ડોલર થયા છે. સરકાર ભાવને સ્થિર રાખવાના દરેક પ્રયાસ કરી છે અને ગ્રાહકો માટે ભાવમાં વધારો થયો નથી. આનાથી કંપનીઓની નાણાકીય સ્થિતિને ફટકો પડ્યો છે અને કંપનીઓને માસિક ધોરણે રૂ.30,000 કરોડનું નુકસાન થાય છે. જોકે તેમણે પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવ યથાવત રહેશે કે નહીં તે અંગે સ્પષ્ટતા કરવાનો ઇનકાર કર્યો હતો. સરકાર એક્સાઇઝ ડ્યૂટીમાં ઘટાડો કરી ઓઈલ માર્કેટિંગ કંપનીઓને થોડી રાહત આપવાનો પ્રયાસ કર્યો છે. પેટ્રોલ પરની ખાસ વધારાની એક્સાઇઝ ડ્યૂટી લીટર દીઠ 13થી ઘટાડીને રૂ.3 કરવામાં આવી હતી, જ્યારે ડીઝલ પરની એક્સાઇઝ ડ્યુટી પ્રતિ લીટર રૂ.10થી ઘટાડીને શૂન્ય કરવામાં આવી હતી. જો સરકારે પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઇઝ ડ્યૂટીમાં ઘટાડો ન કર્યો હોત તો ઓઈલ માર્કેટિંગ કંપનીઓનું નુકસાન વધીને રૂ.62,500 કરોડ થયું હોત.

રાહુલ ગાંધી સદભાવ યાત્રામાં....

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ હરિયાણા કોંગ્રેસના નેતા બ્રિજેન્દ્ર સિંહની સદભાવ યાત્રામાં ભાગ લીધો હતો. તેમણે અહીં ઉપસ્થિતિ જનમેદનીનું સંબોધન પણ કર્યું હતું. તેમણે ફરી એકવખત મધ્યપ્રદેશ, હરિયાણા અને મહારાષ્ટ્ર ઉપરાંત તાજેતરમાં યોજાયેલી આસામ અને પશ્ચિમ બંગાળની વિધાનસભામાં ચૂંટણીમાં મતચોરીનો ભાજપ પર આક્ષેપ કર્યો હતો.

સૈનિકોએ જોયેલા અજ્ઞાત પદાર્થોના વીડિયો, ઈન્ફ્રારેડ તસવીરો અને રિપોર્ટ્સ જારી કરાયા

અમેરિકાએ યુએફઓ સંબંધિત 162 ગોપનીય ફાઈલો જાહેર કરી

એજન્સી > વોશિંગ્ટન

અમેરિકાની સરકારે રહસ્યમય ઉડતી વસ્તુઓ (UFOs) કે એલિયન સંબંધિત લાંબા સુધી ગોપનીય રખાયેલી ફાઇલો જારી કરવાનું ચાલુ કર્યું છે. પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશને પગલે સંરક્ષણ મંત્રાલયે રહસ્યમ અસામાન્ય ઘટના (UAP) કે સામાન્ય રીતે પરગ્રહવાસી કહેવાતી ઘટનાઓના ફોટો, વીડિયો અને દસ્તાવેજોની 162 ફાઇલો સાર્વજનિક કરી હતી. આ ફાઇલોમાં સૈનિકો અને સરકારી કર્મચારીઓએ જાયેલા અજ્ઞાત પદાર્થોના ફોટા, વીડિયો અને રિપોર્ટ્સ સામેલ છે. આગામી સમયગાળામાં સરકાર વધુ ફાઇલો જારી કરાશે.

ટ્રુથ સોશિયલ પર ટ્રમ્પે જણાવ્યું હતું કે તેમણે એલિયન અને બહારની દુનિયા, UAP અને રહસ્યમય ઉડતી વસ્તુઓ (UFOs) સાથે જોડાયેલી સરકારી ફાઇલો સાર્વજનિક કરવાનો આદેશ આપ્યો છે. આ અત્યંત જટિલ, પરંતુ રસપ્રદ અને મહત્વપૂર્ણ મુદ્દાઓ સાથે જોડાયેલી તમામ માહિતી જાહેર કરવી જોઈએ.ટ અધિકારીઓએ જણાવ્યું કે આ પ્રક્રિયામાં દાયકાઓથી એકત્રિત થયેલા લાખો દસ્તાવેજો સામેલ છે. નવી જાહેર કરાયેલી ફાઈલોમાં પશ્ચિમ અમેરિકાના આકાશમાં ઉડતી અજ્ઞાત વસ્તુઓની ઈન્ફ્રારેડ તસવીરો, હેલિકોપ્ટર નીચે ઉડતી રહસ્યમય વસ્તુ, આર્મીના ઈન્ફ્રારેડ સેન્સરમાં ઝડપાયેલા અનેક અજ્ઞાત હવાઈ પદાર્થો, દક્ષિણ-પૂર્વ અમેરિકામાં જોવાયેલ અસામાન્ય હવાઈ પદાર્થનું 2023નું પુનઃનિર્મિત દૃશ્ય. એપોલો-17 મૂની લેન્ડિંગ દરમિયાન લેવામાં આવેલી ચંદ્ર સપાટી ઉપર ત્રણ અજાણી લાઇટ્સ દર્શાવતી તસવીર, સૈન્ય વિમાનોના સેન્સર સ્ક્રીન પાર કરતા અજ્ઞાત પદાર્થોના વીડિયો ઇમેજનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમાં સંયુક્ત આરબ અમિરાત (યુએઇ) નજીક જોવાયેલા UAPનું ફૂટેજ, ગ્રીસ નજીકના સમુદ્રી આકાશમાં ગતિ કરતા UAPનો અહેવાલ, જાપાન નજીક અમેરિકી ઇન્ડો-પેસિફિક કમાન્ડ દ્વારા નોંધાયેલ ફૂટબોલ આકારની અજ્ઞાત વસ્તુ, આફ્રિકાના આકાશમાં અમેરિકી સૈન્ય દળોએ જોયેલી UAP, દક્ષિણ અમેરિકાના આકાશમાં 2020 દરમિયાન નોંધાયેલી અજ્ઞાત હવાઈ ગતિવિધિ અંગે અમેરિકી વાયુસેનાનો રિપોર્ટ તથા ઉત્તર અમેરિકામાં 2026 દરમિયાન જોવાયેલ UAP અંગે અમેરિકી સેનાના અહેવાલનો સમાવેશ થાય છે.

આપના સોશિયલ મીડિયા એકાઉન્ટ બ્લોક મામલે કેન્દ્ર, ગુજરાતને નોટિસ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે શુક્રવારે આમ આદમી પાર્ટી (આપ)ની એક અરજી પર કેન્દ્ર અને ગુજરાત સરકાર પાસેથી જવાબ માગ્યો છે. આ અરજી તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીથી માત્ર એક દિવસ અગાઉ આપના ગુજરાત એકમના ઇંસ્ટાગ્રામ અને ફેસબુક હેન્ડલને સસ્પેન્ડ કરનાર સરકારી આદેશોની વિરૂદ્ધમાં કરવામાં આવી હતી. અરજીમાં કોર્ટને અપીલ કરવામાં આવી છે કે 25 એપ્રિલે સોશિયલ મીડિયા હેન્ડલ સસ્પેન્ડ કરવાના કારણોની માહિતી મેળવવા માટે સંબંધિત રેકોર્ડ મંગાવે. સાથે જ કોર્ટને આગ્રહ કર્યો કે તે રજિસ્ટર્ડ રાજકીય દળોના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ્સને બ્લોક અથવા સસ્પેન્ડ કરવાની તાકાતોના ઉપયોગને નિયંત્રિત કરવા માટે દિશાનિર્દેશ અને પ્રક્રિયાગત સુરક્ષાના ઉપાયો નિર્ધારિત કરે.

ભાજપે હરિયાણા, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને આસામની ચૂંટણીઓ ગેરરીતિથી જીતી હોવાનો આક્ષેપ

ભાજપે ચૂંટણી હાઈજેકની સિસ્ટમ સ્થાપિત કરી છેઃ રાહુલ ગાંધી

એજન્સી > ગુરુગ્રામ

ભાજપને ચૂંટણીઓ ચોરવાની સિસ્ટમ સ્થાપિત કરી હોવાનો આક્ષેપ કરતાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, એક દિવસ તેને પ્રજાના રોષનો સામનો કરવો પડશે. ભાજપ પર આકરા પ્રહારો કરતાં રાહુલે ભાજપ પર મધ્યપ્રદેશ, હરિયાણા તથા મહારાષ્ટ્ર ઉપરાંત તાજેતરમાં સંપન્ન થયેલી પશ્ચિમ બંગાળ અને આસામની ચૂંટણીમાં ગેરરીતિ કરી જીત હાંસલ કરી હોવાનો આક્ષેપ કર્યો હતો.

હરિયાણામાં સદભાવ યાત્રામાં ભાગ લીધાં બાદ પક્ષના કાર્યકરોને સંબોધતા રાહુલે ભાજપ પર લાખો મતદારોના નામ યાદીમાંથી ભૂંસી નાખવાનો પણ આક્ષેપ કર્યો હતો. ચૂંટણી પંચ અને અમલદારો સરકારના નિયંત્રણમાં હોવાનું જણાવતા રાહુલે ઉમેર્યું હતું કે, તેમને લાગે છે કે તેઓ કાયમ દેશ પર શાસન કરશે, પરંતુ તેમનો પણ સમય આવશે. નરેન્દ્ર મોદી અને અમિત શાહ દેશને વેચી રહ્યાં હોવાનું લોકોને સમજાઈ ગયું છે. એરપોર્ટસ, પોર્ટ્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિકોબાર ટાપુ બધું જ અદાણીને વેચી દેવાયું છે. ભારત અને અમેરિકા વચ્ચેના ટ્રેડ ડીલનો ઉલ્લેખ કરતાં કોંગ્રેસના નેતાએ જણાવ્યું હતું કે, આ સોદાથી ભારતના ખેડૂતો બરબાદ થઈ જશે. પોતાના સંબોધનમાં રાહુલે એપસ્ટિન ફાઈલનો પણ ઉલ્લેખ કર્યો હતો.

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

અમદાવાદ ડિવિઝન પર કેટરીંગ કોન્ટ્રાક્ટ, વોટર વેન્ડીંગ મશીનો અને મલ્ટી-પર્પઝ સ્ટોલ્સ કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી

અમદાવાદ ડિવિઝન પર કેટરીંગ યુનિટ્સ ખાતે કેટરીંગ સેવાઓના કોન્ટ્રાક્ટ, વોટર વેન્ડીંગ મશીનો (WVM) અને મલ્ટી-પર્પઝ સ્ટોલ્સ (MPS) ના કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

કેટલોગ નં.	કેટેગરી	ઈ-હરાજીની તારીખ અને સમય
CTG-ADI-01-2026	કેટરીંગ કોન્ટ્રાક્ટ (કેટરીંગ સ્ટોલ)	તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.૨૧-૦૫-૨૦૨૬ ના ૧૦:૦૦ કલાકે શરૂ થશે.
MPS-ADI-02-2026	MPS કોન્ટ્રાક્ટ (મલ્ટી-પર્પઝ સ્ટોલ્સ)	તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.૨૧-૦૫-૨૦૨૬ ના ૧૩:૦૦ કલાકે શરૂ થશે.
WVM-ADI-03-2026	વોટર વેન્ડીંગ મશીનો (WVM) (પરચુરણ-સ્ટેટીક-સેવાઓ)	તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.૨૧-૦૫-૨૦૨૬ ના ૧૪:૦૦ કલાકે શરૂ થશે.

નોંધઃ પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લિસ્ટીંગ મોડ્યુલની મુલાકાત લેવાની વિનંતી કરવામાં આવે છે. લોટ મુજબની વિગતો તેમાં ઉપર જણાવેલ કેટલોગ નંબર હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કુલિંગ ઓફ સમયગાળો ૩૦ મિનિટ છે. સફળ લોટ બંધ થવાનો મધ્યાંતર ૧૦ મિનિટ છે. લોટ-પ્રમાણે બંધ થવાનો સમય IREPS ના ઈ-હરાજી મોડ્યુલ પર જોઈ શકાશે. ADI-028

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly

Ministry of External Affairs
Government of India

KAILASH MANASAROVAR YATRA

Ministry of External Affairs invites Applications for Kailash Manasarovar Yatra-2026

ELIGIBILITY : Indian Nationals aged between 18 and 70 years as on 1st January 2026
SELECTION : By Computerised draw, followed by medical tests
REGISTRATION: Only through Online applications
For details visit website: https://kmy.gov.in
Telephone: 011-23088214

CBC 14108/13/0001/2627

ફોર્મ જી
રસ ધરાવનાર માટે આમંત્રણ
ફોર્ચ્યુન એસેટ્સ પ્રાઇવેટ લિમિટેડ
નવી દિલ્હીમાં બિન-રહેણાંક ઇમારતોમાં ફેરફાર, સમારકામ અને જાળવણી સહિત સામાન્ય બાંધકામનું સંચાલન
(ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઇન્ડિયા (કોર્પોરેટ વ્યક્તિઓ માટે નાદારી નિરાકરણ પ્રક્રિયા) નિયમનો, 2016 ના નિયમન 36A ના પેટા-નિયમન (1) હેઠળ)

ક્ર.નં	સંબંધિત વિગતો	
1	કોર્પોરેટ દેવાદારનું નામ, PAN/CIN/LLP નંબર સાથે.	ફોર્ચ્યુન એસેટ્સ પ્રાઇવેટ લિમિટેડ CIN-U45202GJ2008PTC055380 PAN-AABCF2956N
2	નોંધાયેલ ઓફિસનું સરનામું	બી ૩૭/૨/૨, પાંચમો માળ, અજંતા વાણિજ્યિક કેન્દ્ર, આવકપેરા કોસ રોડ, આશ્રમ રોડ, આશ્રમ રોડ પી.ઓ., અમદાવાદ, અમદાવાદ શહેર, ગુજરાત, ભારત, ૩૮૦૦૦૯
3	વેબસાઇટનું URL	N.A.
4	મોટાભાગની સ્થાવર મિલકતો જ્યાં આવેલી છે તે સ્થળની વિગતો	પ્લોટ નં. ૧, બી-૨, ટ્રવીન ડિસ્ટ્રિક્ટ સેન્ટર, સેક્ટર ૧૦, રોહિણી, નવી દિલ્હી - ૧૧૦૦૮૫
5	મુખ્ય ઉત્પાદનો/સેવાઓની સ્થાપિત ક્ષમતા	N.A.
6	ગયા નાણાકીય વર્ષમાં વેચાયેલા મુખ્ય ઉત્પાદનો/સેવાઓનો જથ્થો અને મૂલ્ય	N.A.
7	કર્મચારીઓ/કામદારોની સંખ્યા	એક કર્મચારી- ભૂતપૂર્વ મેનેજમેન્ટ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ.
8	બે વર્ષના છેલ્લા ઉપલબ્ધ નાણાકીય નિવેદનો (સમગ્રપત્રક સાથે), લેણદારોની યાદી સહિત વધુ વિગતો URL પર ઉપલબ્ધ છે:	URL: http://arck.in, "ફોર્ચ્યુન એસેટ્સ પ્રાઇવેટ લિમિટેડ" કેસ લિસ્ટ હેઠળ.
9	કોડની કલમ 25(2) (h) હેઠળ ઉકેલ અરજદારો માટેની પાત્રતા URL પર ઉપલબ્ધ છે:	**કેટેગરી A એવા PRA માટે જે કોર્પોરેટ્સ છે - ખાનગી/પબ્લિક લિમિટેડ કંપની, LLP, ભારતમાં કે ભારતની બહાર સમાવિષ્ટ બોડી કોર્પોરેટ/વ્યક્તિગત રોકાણકાર/વ્યક્તિગત રોકાણકારોનું કન્સોર્ટિયમ, HUF, ફેમિલી ટ્રસ્ટ અને ભાગીદારી પેઢીઓ:** કોર્પોરેટ્સ માટે: ઓડિટેડ નાણાકીય નિવેદનોના આધારે તાત્કાલિક પૂર્ણ થયેલા નાણાકીય વર્ષમાં (૩૧ માર્ચ ૨૦૨૫ પહેલા નહીં) લઘુતમ સ્ટેન્ડઅલોન નેટવર્થ (NW) રૂ. ૨૫ કરોડ અથવા ઓડિટેડ નાણાકીય નિવેદનોના આધારે તાત્કાલિક પૂર્ણ થયેલા નાણાકીય વર્ષમાં (૩૧ માર્ચ ૨૦૨૫ પહેલા નહીં) ગ્રુપ સ્તરે લઘુતમ મૂર્ત નેટવર્થ ("TNW") રૂ. ૨૫ કરોડ. વ્યક્તિગત રોકાણકારો માટે: ઓડિટેડ નાણાકીય નિવેદનોના નિવેદનના આધારે અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણિત કર્યા મુજબ, તાત્કાલિક અગાઉના પૂર્ણ થયેલા નાણાકીય વર્ષમાં (૩૧ માર્ચ ૨૦૨૫ પહેલાં નહીં) વ્યક્તિગત સ્તરે/વ્યક્તિગત કન્સોર્ટિયમ સ્તરે લઘુતમ સંયુક્ત યોગ્ય સંપત્તિ ૨૫ કરોડ રૂપિયા હોવી જોઈએ. **કેટેગરી B નાણાકીય રોકાણકારો બેંકો, નોન-બેંકિંગ ફાઇનાન્સ કંપનીઓ (NBFCs), એસેટ રિકન્સ્ટ્રક્શન કંપનીઓ, મ્યુચ્યુઅલ ફંડ્સ, પ્રાઇવેટ ઇક્વિટી ફંડ્સ, સોવરિન ફંડ્સ, વેન્ચર કેપિટલ ફંડ્સ, વૈકલ્પિક રોકાણ ભંડોળ, રોકાણ કંપનીઓ અને/અથવા એન્ટિટીઝ (સ્થાનિક અથવા વિદેશી સંસ્થાકીય / પોર્ટફોલિયો રોકાણકારો સહિત) અને સમાન એન્ટિટીઝ માટે:** ઓડિટેડ નાણાકીય નિવેદનોના આધારે, EOI સબમિટ કરવાની તારીખના ઓછામાં ઓછા 30 દિવસ પહેલાની તારીખે (31 માર્ચ, 2025 પહેલાં નહીં) અથવા ઓછામાં ઓછા INR 100 કરોડના ભંડોળનો ઉપયોગ; અથવા EOI સબમિટ કરવાની તારીખના ઓછામાં ઓછા 30 દિવસ પહેલાની તારીખે ભારતીય કંપનીઓમાં રોકાણ/વિકલ્પિકતા માટે ઉપલબ્ધ પ્રતિબદ્ધ ભંડોળ ("પ્રતિબદ્ધ ભંડોળ") અથવા ઓછામાં ઓછા INR 100 કરોડની ભારતીય સંપત્તિ. રિઝોલ્યુશન અરજદાર નાદારી અને નાદારી સંહિતા, 2016 ની કલમ 29A હેઠળ પાત્ર હોવો જોઈએ.
10	રસની અભિવ્યક્તિ પ્રાપ્ત કરવાની છેલ્લી તારીખ	૨૫મી મે, ૨૦૨૬
11	સંભવિત ઠરાવ અરજદારોની કામચલાઉ યાદી જારી કરવાની તારીખ	૦૪ જૂન, ૨૦૨૬
12	કામચલાઉ યાદી પર વાંધા રજૂ કરવાની છેલ્લી તારીખ	૯ જૂન, ૨૦૨૬
13	સંભવિત ઠરાવ અરજદારોની અંતિમ યાદી	૧૧ જૂન, ૨૦૨૬
14	જારી કરવાની તારીખ સંભવિત રીઝોલ્યુશન અરજદારોને માહિતી મેમોરેન્ડમ, મૂલ્યાંકન મેટ્રિક્સ અને રીઝોલ્યુશન પ્લાન માટેની વિનંતી જારી કરવાની તારીખ	૧૨ જૂન, ૨૦૨૬
15	રિઝોલ્યુશન પ્લાન સબમિટ કરવાની છેલ્લી તારીખ	૧૩ જુલાઈ, ૨૦૨૬
16	એક્સપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ સબમિટ કરવા માટે ઇમેઇલ આઈડી પર પ્રક્રિયા કરો	ibc.fortuneassets@gmail.com, insolvency@arck.in
17	MSME તરીકે કોર્પોરેટ દેવાદારની નોંધણી સ્થિતિની વિગતો	N.A.

એસડી/-
અનિલ કોહલી,
IP તરીકે નોંધાયેલ IPE ના નિયુક્ત ભાગીદાર અને અધિકૃત સહીકર્તા
મેસર્સ ફોર્ચ્યુન એસેટ્સ પ્રાઇવેટ લિમિટેડના કિસ્સામાં રિઝોલ્યુશન પ્રોફેશનલ્સ એલએલપી રિઝોલ્યુશન પ્રોફેશનલ્સ તરીકે કાર્ય કરે છે.
રેગ નંબરઃ IBBI/IPE-0030/IPA-1/2022-23/50013
AFA ૩૧.૧૨.૨૦૨૬ સુધી માન્ય
૪૦૯, અંસલ ભવન, ૧૬ કે.જી. માર્ગ (કોનોટ પ્લેસ), નવી દિલ્હી - ૧૧૦૦૦૧
ફોન નં. ૦૧૧-૪૦૦૯૩૩૪૪, ૪૫૧૦૧૧૧૧
ઇમેઇલ: ibc.fortuneassets@gmail.com, insolvency@arck.in
તારીખ: ૦૯ મે, ૨૦૨૬
સ્થળ: અમદાવાદ

EXTRACT OF AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31st MARCH, 2026

(₹ In Lakhs)

Sr. No.	Particulars	Quarter Ended 31.03.2026 (Audited)	Year Ended 31.03.2026 (Audited)	Quarter Ended 31.03.2025 (Audited)
1	Total Income from Operations	64381.58	205011.98	57797.36
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional items)	9285.42	27691.93	10957.19
3	Exceptional Item	1065.29	(780.68)	(150.43)
4	Net Profit / (Loss) for the period before Tax (after Exceptional items)	10350.71	26911.25	10806.76
5	Net Profit / (Loss) for the period after Tax (after Exceptional items)	7733.59	20418.56	8558.28
6	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	7689.41	20450.47	8584.13
7	Equity Share Capital (Face value of ₹ 5/- each)	644.88	644.88	644.88
8	Other Equity (Excluding revaluation reserve) as shown in the Audited Balance Sheet of the previous year		146588.97	
9	Earnings per equity share (of ₹ 5/- each) (EPS for the quarter not annualised):			
	(1) Basic (₹)	59.96	158.31	66.36
	(2) Diluted (₹)	59.96	158.31	66.36

Notes

1 The above is an Extract of the detailed format of Audited financial results for quarter and year ended on 31st March, 2026 filed with the Stock Exchanges under Regulation - 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the audited financial results for the quarter and year ended 31st March, 2026 are available on the website of the Stock Exchanges (www.bseindia.com & www.nseindia.com) and the Company's website (www.cera-india.com).
2 During the quarter ended December 2025, based on its preliminary understanding of the new Labour Codes, the Company had recognised a provision of ₹ 1845.97 lakhs towards incremental past service cost for gratuity and leave liabilities, disclosed as an exceptional item. Pursuant to subsequent clarifications, professional advice and actuarial valuation, the liability as at March 31, 2026 has been reassessed at ₹ 780.68 lakhs. Accordingly, excess provision of ₹ 1065.29 lakhs has been reversed during the March 2026 quarter under exceptional items. The net impact of the reassessment has been duly recognised in the statement of profit and loss.
3 During the quarter ended March 2025, the Company entered into an amicable settlement with M/s. Milo Tile LLP and exited the partnership. Consequently, the entire investment of ₹ 806.00 lakhs was written off (including ₹ 150.43 lakhs recognised during the March 2025 quarter), and disclosed as an exceptional item.
4 Figures of the previous periods have been regrouped/ reclassified / restated wherever necessary to conform to the current period presentation.
5 The above results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors at their meetings held on 08.05.2026.

Date : 8th May, 2026
Place : Ahmedabad

By Order of the Board of Directors
For, Cera Sanitaryware Limited

Anupam Gupta
Executive Director (Technical)
(DIN:09290890)

Cera Sanitaryware Limited
Registered Office & Works: 9, GIDC Industrial Estate, Kadi 382715, District Mehsana, Gujarat
CIN: L26910GJ1998PLC034400 **Tel:** (02764) 242329, 243000 **E-mail:** kadi@cera-india.com **Website:** www.cera-india.com

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, ગુજરાત સરકાર

સરકાર માન્ય ટુર ગાઇડ બનવાની સુવર્ણ તક
"ફ્રેશર ટુરિસ્ટ ગાઇડ તાલીમ"

ગુજરાત રાજ્યના રોજગાર ઇચ્છુકો પ્રવાસન ક્ષેત્રે પોતાની સ્વરોજગારી મેળવી શકે તે માટે ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ (ગુજરાત સરકાર) દ્વારા ગુજરાતના રાજ્યના વિવિધ પ્રવાસન સ્થળો માટે ટુરિસ્ટ ગાઇડની તાલીમનું આયોજન કરવામાં આવનાર છે. ટુરિસ્ટ ગાઇડની તાલીમ ૧૪ દિવસની રહેશે. ગાઇડ તાલીમ સફળતા પૂર્વક પૂર્ણ કરતા વ્યક્તિઓને ગાઇડ લાયસન્સ આપવામાં આવે છે, જેની અવધી ૩ વર્ષ સુધીની હોય છે. તાલીમાર્થીઓએ ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડની વેબસાઇટ પર રજીસ્ટ્રેશન ફરજીયાતપણે કરવાનું રહેશે. જેનું રજીસ્ટ્રેશન ફોર્મ https://www.gujarattourism.com/forms/guide-tourist.html પર ઉપલબ્ધ છે. જાહેરાત પ્રકાશિત થયાના ૧૫ દિન સુધીમાં ફોર્મ ભરવાનું રહેશે.

મેનેજિંગ ડિરેક્ટર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
દક્ષિણ પશ્ચિમ ઝોન-ઈજનેર ખાતુ
ટેન્ડર નોટીસ નં. ૦૧/૨૦૨૫-૨૬

દક્ષિણ પશ્ચિમઝોનમાં મકતમપુરા વોર્ડમાં એ.પી.જે. અબ્દુલ કલામ હોલની સામે ટી.પી. ૮૩ એફ.પી. ૧૭૦માં સ્ટ્રોમ વોટર પંપીંગ સ્ટેશન (સીવીલ, ઈલેક્ટ્રીકલ, મીકેનીકલ વર્ક), ઈનકમીંગ ગ્રેવીટી લાઈન, રાઈજીંગ મેઈન તથા એલ.ટી. રૂમ બનાવવાના કામની જાહેરાત.

પ્રી-બીડ મીટીંગ	તારીખઃ ૨૧/૦૫/૨૦૨૬	સમયઃ ૧૧:૦૦ કલાક
ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી	તારીખઃ ૨૬/૦૫/૨૦૨૬	સમયઃ ૧૮:૦૦ કલાક
ટેન્ડર ડોક્યુમેન્ટ, ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને અન્ય પુરાવા જમા કરાવવાની છેલ્લી	તારીખઃ 30/૦૫/૨૦૨૬	સમયઃ ૧૬:૦૦ કલાક
ટેન્ડર ખોલવાની	તારીખઃ- 30/૦૫/૨૦૨૬	સમયઃ ૧૭:૦૦ કલાક
ટેન્ડરોની વિગત તથા ટેન્ડર ભરવા માટેની વેબસાઈટઃ-	www.tender.nprocure.com, www.amc.nprocure.com	

ડે. મ્યુનિ. કમિશ્નર (દક્ષિણ પશ્ચિમ ઝોન)

AHMEDABAD MUNICIPAL CORPORATION
STP DEPARTMENT
E-Short Tender No.: 02/2026-27

Sr. No.	Name of Work
1	Comprehensive Operation & Maintenance with Repairing of all Electrical & Mechanical Equipments & Instruments of 12 Nos Sewage Pumping Station of East Zone STP Department for Three Years

Online Submission up to	Up to 20/05/2026 up to 18:00 Hrs.
Date on or before which the Tender, Volume-I (Technical Bid) must reach the office	Up to 21/05/2026, 14:00 Hrs.
Date of Volume-I (Technical Bid) online Opening	Up to 21/05/2026, 16:00 Hrs.
Details and Tenders Available on	http://tender.nprocure.com